ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૧-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### 'ભાજપ'નું ઉછીનું આશાનું કિરણ

પ્રદેશ એકમ સાથે કોઈ જાતની ચર્ચાવિચારણા કર્યા વિના ભારતીય જનતા પાર્ટીના સર્વેસર્વા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના વફાદાર રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે દિલ્હી વિધાનસભાનો જંગ જીતવા માટે મહત્ત્વાકાંક્ષી એક્ટિવિસ્ટ - નિવૃત્ત પોલીસ અધિકારી દેશનાં પ્રથમ મહિલા આઈપીએસ કિરણ બેદીને (કહેવા પૂરતી 'સર્વસંમતિથી') દિલ્હીનાં મુખ્યમંત્રીપદનાં ઉમેદવાર જાહેર કરી દીધાં છે. ભાજપ જેવા સત્તાધારી રાષ્ટ્રીય પક્ષ માટે આ નિર્ણય વ્યૂહરચનાનો ભાગ હોવા છતાં ભારે નાલેશીભર્યો છે. એક બહારની વ્યક્તિને રાતોરાત પાર્ટીમાં ખેંચી લાવી પાર્ટીના 'ચહેરા' તરીકે પ્રોજેક્ટ કરવી પડે તે કેડરબેઝ્ડ ગણાતી ભારતીય જનતા પાર્ટીની મજબૂરી છે. નરેન્દ્ર મોદી દિલ્હીની ચૂંટણી જીતવા માટે કઈ હદે જઈ શકે છે, તેનું આ ઝળહળતું ઉદાહરણ છે. કિરણ બેદી પહેલી જ વાર કોઈ રાજકીય પક્ષનું સભ્યપદ ધારણ કરી રહ્યાં છે, અને તે પણ એની વિચારધારા સાથે કોઈ પણ જાતના સંબંધ કે અનુબંદ વગર. દેખીતું છે કે વડાપ્રધાન અને રાષ્ટ્રીય અધ્યક્ષના આવા 'વટહુકમ'થી પાર્ટીના વફાદાર આગેવાનો નારાજગી જ અનુભવે. શિસ્તના ઓઠા હેઠળ હસતું મોં રાખવા મથતાં ડૉ. હર્ષવર્ધન, જગદીશ મુખી, ગોયલ, વિજેન્દ્ર ગુપ્તા કે પ્રદેશ અધ્યક્ષ સતીશ ઉપાધ્યાય જેવા વરિષ્ઠ આગેવાનોની બૉડી લેંગ્વેજ આ મુદ્દે એમની નારાજગી જ દર્શાવે છે. હાઈ કમાન્ડ ગણાતા પાર્લામેન્ટરી બોર્ડમાં પણ વડાપ્રધાન અને રાષ્ટ્રીય અધ્યક્ષ સિવાયના ગૃહમંત્રી અને પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ જેવા વરિષ્ઠ નેતાઓના ચહેરા વાંચવાની કોશિશ કરનારને તરત જ સમજાઈ જશે કે ઉપરથી ઠોકી બેસાડેલો આ નિર્ણય કદાચ પાર્ટીને તત્કાળ ફાયદો કરાવી શકે પરંતુ લાંબે ગાળે આ પ્રકારનું વલણ પાર્ટીના સ્વાસ્થ્યને હાનિકારક જ નીવડે એમ છે. ખુદ કિરણ બેદીને પાર્ટી કેડરમાં પ્રવર્તી રહેલા આ કચવાટનો અંદાજ આવી ગયો છે. તેથી તેઓ 'હું કોઈ પણ માટે પાર્ટીમાં નથી આવી' અને 'મારે તો મારી દિલ્હીનો વિકાસ કરવો છે' જેવાં ઉપલક વિધાનો કરી રહ્યાં છે. મુખી, મનોજ તિવારી કે રમેશ વિધુડી જેવા નેતાઓએ મીડિયા સમક્ષ જે વિધાનો કર્યા છે, તે સૂચક છે. એમને કિરણ બેદીને બળજબરી પૂર્વક આવકારવાં પડ્યા છે. મનોજ તિવારીને તો એમનું નિવેદન મોંઘું પડ્યું છે. એમને હાઈકમાન્ડનો ઠપકો સાંભળવો પડ્યો છે. કિરણ બેદીને મુખ્યમંત્રીપદનાં દાવેદાર ગણવાની આ બિહારી અભિનેતાની તો તૈયારી જ નહોતી, 'નરેન્દ્ર મોદીના નેતૃત્વથી અંજાઈને બીજા ઘણા આગેવાનો, સેલિબ્રીટીઝ ભાજપમાં જોડાઈ રહ્યાં છે, એ જ રીતે કિરણ બેદી પણ પાર્ટીમાં સામેલ થયાં છે એટલે કે 'કાર્યકર' બને છે, મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે એમને લાવવામાં આવ્યાં છે, એવું ન કહેવું જોઈએ' - આવા મતલબનું વિધાન કરનાર મનોજ તિવારી હકીકતમાં તો ભાજપના કાર્યકરોના પ્રવક્તા તરીકે, કાર્યકરોના મનની વાત રજૂ કરી રહ્યા હતા. પરંતુ કિરણ બેદી માત્ર 'કાર્યકર' બનવા પાર્ટીમાં જોડાય ખરા? એમને મુખ્યમંત્રી પદથી ઓછું કંઈ જ મંજૂર ન હોય. એમની આ મહત્ત્વાકાંક્ષા ઘણા વખત પહેલાં ખુદ આમ આદમી પાર્ટીના આગેવાનો પારખી ગયા હતા. કુમાર વિશ્વાસે તો એમને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવાની તૈયારી સુદ્ધાં દર્શાવી હતી. પરંતુ અરવિંદ કેજરીવાલ અને કિરણ બેદી જેવી બે તલવારો એક મ્યાનમાં સમાવી શકાય એમ નહોતી. કિરણ પણ આ વાત સુપેરે સમજતાં હતા. તેથી એમણે અણ્ણા હજારેને અરવિંદ કેજરીવાલની વિરુદ્ધ ઉશ્કેરવાનો વ્યૂહ અપનાવ્યો અને પોતે કયારેય કોઈ રાજકીય પાર્ટી સાથે નહીં જોડાય - એવું નિવેદન ઠપકારી અણ્ણાનાં પ્રીતિપાત્ર બની ગયા. પરંતુ ત્યારે પણ કિરણના મનમાં ઊંડે ઊંડે રાજકીય મહત્ત્વકાંક્ષાનો કીડો સળવળી રહ્યો હતો, તેથી એમણે શક્ય હોય એટલી શાલીન ભાષામાં જ ભાજપ કે નરેન્દ્ર મોદીની સામે ઉચ્ચારણો કર્યા અને કોંગ્રેસને ધરમૂળથી વખોડવાનું વલણ દાખવી મોદીની ગુડબુકમાં રહેવાની કોશિશ કરી. એમણે ગત વર્ષે મોદીની પ્રશંસા કરવામાં પણ કસર નહોતી રાખી. ૨૦૧૩માં ભુજ ખાતે ધ્વજવંદન કરાવતાં મોદીએ જે મારફાડ ભાષણ આપ્યું હતું, તેની કિરણ બેદીએ ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી અને એ વધુ સારા વડાપ્રધાન બની શકે એમ હોવાનું પ્રમાણપત્ર પણ પાઠવી દીધું હતું. દિલ્હી ભાજપ પાસે હર્ષવર્ધન સિવાય બીજો કોઈ 'ચહેરો' જ નહીં હોવાની ખાતરી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કેજરીવાલનો ઘડોલાડવો કરવા માટે જેની શોધમાં હતા તે ચહેરો એમને મળી ગયો છે. કિરણ બેદીની પ્રતિષ્ઠા અને પ્રામાણિક છબીને વટાવીને ભાજપ દિલ્હી વિધાનસભાનો ગઢ જીતી લેવા કૃતસંકલ્પ છે. ખુદ કિરણ પણ જાણે છે કે આ કામ બધા ધારે છે એટલું સહેલું નથી. જો હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડની જેમ મોદીના નામ પર ચૂંટણી જીતી શકાય એમ હોય તો પાર્ટીએ કોઈ નામ આગોતરું જાહેર કરવાની જરૂર જ કયાં હતી? સ્વાભાવિક છે કે કિરણે સામે ચાલીને એમનો ચહેરો વટાવ્યો છે. મોદી 'યુઝ એન્ડ થ્રો' ની રાજરમતનાં માહેર ખેલાડી છે, તો સામે ફૂંકી ફૂંકીને પગ માંડતા, કિરણ બેદી પણ સલામત એવી ડૉ. હર્ષવર્ધનની પરંપરાગત બેઠક કૃષ્ણનગરથી લડવા તૈયાર થયાં છે. કેજરીવાલ સામે નવી દિલ્હીની બેઠક પર જંગે મેદાનમાં ઊતરી ઝેરનાં પારખાં કરવાની એમની તૈયારી નથી!



ભારતીય જનતા યુવા મોરચા, ગાંધીનગર મહાનગર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સહયોગથી સેક્ટર-૨૪ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ પ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોક પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશીષ દવે, યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતા અને સ્વૈચ્છિક રક્તદાતા સુકેતુ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

## જે.બી. પ્રાથમિક વિદ્યાલયમાં વાલીસભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલ જે.બી. પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને ૨ ના વિદ્યાર્થીઓના વાલીઓની મીટીંગનું ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં કરવામાં આવ્યું હતું. આ વાલી મીટીંગમાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બાળકોએ વેશભૂષા, ગીત, અભિનય, વાર્તા વગેરેની કૃતિઓ રજુ કરી હતી.

આ વાલી મીટીંગમાં શાળાના વર્ગ શિક્ષક તથા આચાર્યા નીવાબેન પટેલે વાલીસભાનું મહત્વ સમજાવ્યું હતું અને વિદ્યાર્થીઓની પ્રગતિ કેવી રીતે કરી શકાય તેની સમજ પણ આપી હતી.

## હરિની દૃષ્ટિ...




સીધુ છે, રૂપિયા સાથે કામ કરીએ છીએ અને, રૂપિયા માટે આંદોલન...!!

## લલિત કલા ક્ષેત્રના નવ કલાકારોને ગૌરવ પુરષ્કાર જાહેર

### પ્રત્યેકને ૫૧ હજાર રોકડ પુરષ્કાર - તામ્રપત્ર એનાયત કરાશે

ગુજરાત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃતિઓ વિભાગ હસ્તકની, ગુજરાત રાજયલલિતકલા અકાદમી દ્વારા સને ૨૦૧૩-૧૪ ના વર્ષ માટેના ગૌરવ પુરસ્કાર જાહેર કરાયા છે. જેમાં ગુજરાતના નવ કલાકારોની પસંદગી કરવામાં આવી છે. જેની નીચે મુજબ છે.

| ક્ષેત્ર | કલાકારનું નામ | નિવાસનું સ્થળ |
| --- | --- | --- |
| ચિત્રકલા | શ્રી ભારતી પ્રજાપતિ | અમદાવાદ |
| ચિત્રકલા | શ્રી અશોક ખાંટ | વલ્લભ વિધ્યાનગર |
| ચિત્રકલા | શ્રી અજીત પટેલ | આણંદ |
| ચિત્રકલા | શ્રી નવિન સોની | કચ્છ |
| શિલ્પકલા | શ્રી મમતાબેન વાય. પટેલ | વલ્લભ વિધ્યાનગર |
| શિલ્પકલા | શ્રી મહેન્દ્ર એચ.ઉપાધ્યાય | અમદાવાદ |
| છબિકલા | શ્રી બનવારી આર.રાજપુત | અમદાવાદ |
| છબિકલા | શ્રી ગિરીશભાઈ આર. પરીખ | અમદાવાદ |
| છબિકલા | શ્રી કમલ રાણા | વડોદરા |

રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ આ પુરસ્કારની આજે જાહેરાત કરી છે. આ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રત્યેક કલાકારને

રૂ. ૫૧,૦૦૦/- નો રોકડ પુરસ્કાર, તામ્રપત્રથી સન્માનિત કરવામાં આવશે. તેમજ આ ગૌરવ પુરસ્કાર અર્પણ કરવાનો કાર્યક્રમ ટૂંક સમયમાં ગોઠવવામાં આવશે. આ પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહા પણ ઉપસ્થિત રહયા હતા. ગૌરવ પુરસ્કાર માટે પસંદ કરાયેલા તમામ કલાકારોની ચિત્રકલા, શિલ્પકલા અને છબિકલાના ક્ષેત્રમાંની લાંબી, સાતત્યપૂર્ણ અને સક્રિય કામગીરી રહી છે. તેથી આ પસંદગીથી કલા જગતમાં આનંદની લાગણી પ્રર્વતે છે.

## કડી કેમ્પસમાં પૂ. દાસકાકા યુવક મહોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તા. ૧૯મી જાન્યુઆરીએ સંસ્થાના આદ્યસ્થાપકની સ્મૃતિમાં કેમ્પસમાં આવેલ ખિમજી વિશરામ હોલ ખાતે પૂ. દાસકાકા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નર્સિંગ કોલેજના ડાયરેક્ટર ડૉ. રમેશચંદ્ર વ્યાસ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા સુધાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષિકા કામિનીબેન મહંતે પૂ. દાસકાકાના જીવન અંગે માહિતી આપી હતી તેમજ આ વિભાગના જશુભાઈસુતરિયાએ ઉપસ્થિત મુખ્ય મહેમાન આર.જે.વ્યાસનો પરિચય આપ્યો હતો. આમંત્રિત મહેમાનોનું સ્વાગત શાળાના આચાર્યા દ્વારા પુષ્પગુચ્છ આપીને કરાયું હતું.

આ યુવક મહોત્સવમાં નાટ્ય સ્પર્ધા, વસ્ત્ર પરિધાન સ્પર્ધા, ફિલ્મીગીત સ્પર્ધા, સુલેખન સ્પર્ધા અને શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. નાટ્ય સ્પર્ધામાં મહિલા સશક્તિકરણ, સુખમય જીવનનું પ્રથમ પગથિયુ તંદુરસ્તી, ભારતીય સંસ્કૃતિ અને પરીક્ષામાં ચોરી કરીને વર્ષ બચાવવું છે કે જીવન બગાડવુ છે? વગેરે નાટકો રજુ કરયાં હતા. આ મહોત્સવમાં જુદા જુદા રાજ્યોની વેશભૂષા, ફિલ્મી ગીતો, સુલેખન સ્પર્ધા, શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા અને ગૃપ ડાન્સ રજુ કરાયા હતા. બી.જી. પટેલ ગલ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓએ કુ. મયુરી પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ગ્રુપ ડાન્સ દ્વારા વાતાવરણને ઉત્સાહિત બનાવી દીધુ હતુ. આ સ્પર્ધામાં વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમમાં કુલ ૧૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું જશુભાઈ સુતરિયા, મયંકભાઈ પટેલ અને નંદાબેન ગઢવીએ સંચાલન કર્યું હતું.



## કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં કથા સંધિ કાર્યક્રમ યોજાયો

સેકટર-૨૩ કડી કેમ્પસમાં આવેલ ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ અને સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમ કથા સંધિ કાર્યક્રમ યોજાઈ ગયો. કથા સંધિના કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી મોહનભાઈ પટેલ દ્વારા તેમની જ વાર્તાઓનું પઠન કરવામાં આવ્યું હતું. આ -સંગે કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેકટર ડી. ટી. કાપડીયા સહિત સંસ્થાના હોદ્દેદારો અને ગાંધીનગરના સાહિત્યકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રજ્ઞા હતા. કે.એ.વી. યુનિવર્સિટીના -કાશન વિભાગના અધિકારી મણિભાઈ -જાપતિએ કાર્યક્રમની ભૂમિકા -સ્તુત કરી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો. હીનાબહેન મહેતાએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. સંસ્થાના આચાર્યા ડો. અમૃતાબહેન પટેલ તથા સમગ્ર સ્ટાફ સભ્યોના સહકારથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

## ગુજરાતના અનુસૂચિત જાતિના નિવૃત્ત અને પ્રવૃત્ત અધિકારીઓના સંગઠન લક્ષ્યના ઉપક્રમે ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટરની બેઠક સંપન્ન

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને તેના જાહેર સાહસોમાં સેવારત અને નિવૃત્ત અનુસૂચિત જાતિઓના અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના જિલ્લા કો-ઓર્ડિનેટરોની એક બેઠક તા. ૧૮ જાન્યુઆરીના રોજ નગરપાલિકા ભવન, ગાંધીનગર ખાતે આ સંસ્થાના પ્રમુખ અને પાયોનિયર, નિવૃત્ત અધિક સચિવ એમ.બી. પરમારના અધ્યક્ષસ્થાને અને ગુજરાત એસ.ટી.ના જનરલ મેનેજર ડી. ડી. કાપડિયા, ડી.સી. એફ. શ્રી અશ્વિન પરમાર, અધિક કલેક્ટરો આર.કે. પરમાર અને એ.બી. પરમારના અતિથિવિશેષ પદે સંપન્ન થવા પામી હતી.

બેઠકને અધ્યક્ષસ્થાનેથી સંબોધતા એમ.બી. પરમારે અનુસૂચિત જાતિઓ માટેની સરકારની અનેકવિધ યોજનાઓનો શહેરી અને ગ્રામ સ્તરે વધુને વધુ લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે 'લક્ષ્ય'ના પ્રતિનિધિઓને નિષ્ઠા અને જવાબદારીપૂર્વક કાર્યવાહી કરી, સાચા અર્થમાં સમાજસેવક પુરવાર થવાની અપીલ કરતાં કહ્યું કે, નિવૃત્ત કે પ્રવૃત્ત દરેક અધિકારી ઓછામાં ઓછી બે દલિત કન્યાઓની શિક્ષણની જવાબદારી ઉઠાવી લે, અને સાથે સાથે મિલો બંધ થવાને કારણે બેકાર બનેલા અનુસૂચિત જાતિના યુવાવર્ગ માટે કૌશલ્ય કેન્દ્રો સફળતાપૂર્વક ઉભા થાય તેમાં પણ પોતાના સમય ફાળવે, તો સમાજના સર્વાંગી વિકાસની દિશામાં ઝડપભેર આગળ વધી શકાશે. તેમણે રાજ્યભરના જિલ્લાઓમાંથી ઉપસ્થિત રહેલા સૌ પ્રતિનિધિઓને લક્ષ્યના ૫૦૦૦ સભ્યોની નોંધણી માટે આહવાન કર્યુંહતું. અને સૌ જિલ્લા પ્રતિનિધિઓનો જાહેર પરિચય પણ કરાવ્યો હતો. આ બેઠકમાં એમ.બી. પરમારે પી.એસ. આઈ.ની આગામી પરીક્ષામાં શારીરિક યોગ્યતા કસોટી પાસ કરનારા અનુસૂચિત જાતિના ઉમેદવારોને લેખિત-મૌખિક કસોટી માટે તૈયાર કરવા 'લક્ષ્ય'ના ઉપક્રમે વિશેષ કલાસીસનું પણ અમદાવાદ, વડોદરા અને ગાંધીનગર ખાતે આયોજન થશે.

'લક્ષ્ય'ના જિલ્લા ઓર્ડિનેટરોની આ બેઠકમાં ગુજરાતભરમાંથી નિવૃત અને પ્રવૃત્ત અધિકારીઓ એવા સર્વ જે.કે. મકવાણા, પ્રો. સુરેશ ગોર, પ્રો. કે.કે. વૈષ્ણવ, ડિસ્ટ્રિક્ટ રજીસ્ટ્રાર જે.જી. પંડ્યા, પૂર્વ સંયુક્ત માહિતી નિયામક નટુભાઈ પરમાર, સહાયક માહિતી નિયામક ધીરૂ કોટવાલ, એડીશનલ કલેક્ટર ભૂપેન્દ્ર કાપડિયા, નિવૃત્ત પછાત વર્ગ કલ્યાણ અધિકારી એસ.યુ. પરમાર, નાયબ કલેક્ટર જયંતિભાઈ શ્રીમાળી, કાર્યપાલક ઈજનેર શ્રી એમ. એસ. ડાભી, સુરતથી વિજય પરીખ, મામલતદારવી.બી. શુકલ, ડે.ડી. ઓ. આર.એન. કુચિયારા, સેલ્સટેક્ષ ઓફિસર જે.પી. રાજ, જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી વસંત જાદવ, નિવૃત્ત સમાજ કલ્યાણ અધિકારી હિતેન્દ્ર પરમાર, પ્રો. નરસિંહ પરમાર, પ્રો. મનોજ પરમાર, પ્રો. ડી.એન. પરમાર, ડે. કલેક્ટર એન.કે. મકવાણા, નિવૃત્તિ ઉપસચિવ શ્રી ડી.ડી. પરમાર, કાર્યપાલક ઈજનેર ગીરીશભાઈ, સુરેન્દ્રનગરથી દિનેશ સોલંકી, સમાજ કલ્યાણ છાત્રાલયના આચાર્યા કુસુમબેન ચૌહાણ, નાયબ મામલતદાર એન.જે. પરમાર, સાયન્સ ટેકનોલોજી વિભાગના અધિકારી શ્રી કુલદીપ પાર્થસારથિ, ડે. કલેક્ટર એન.એસ. વણકર, હિસાબી અધિકારી બી.એમ. રાઠોડ, બાલાસિનોરથી આર. કે. પરમાર, મામલતદાર વિરેન્દ્ર વડાવિયા, ડે.ડી.ડી.ઓ. અમૃત પટેલ સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રવીણ શ્રીમાળીએ કર્યું હતું.

## તેજસ્વી અને પ્રામાણિક વ્યક્તિને થતો અન્યાય દેશને લાંબે ગાળે કેન્સરગ્રસ્ત કરવા સક્ષમ છે

### વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

રાષ્ટ્રધ્વજ દેશનું ગૌરવ છે તો રાષ્ટ્રનું બંધારણ શું છે ? બંધારણ દેશને દિશાદર્શન કરાવનાર પ્રકાશપૂંજ સમાન છે. માર્ગો દેશને દોડતો રાખે છે તો ન્યાયવ્યવસ્થા વ્યક્તિમાં રહેલી પ્રામાણિકતાને દોડતી રાખે છે. એક પ્રામાણિક વ્યક્તિને થતો અન્યાય દેશને લાંબે ગાળે કેન્સરની દશામાં મૂકી શકે છે. દેશની સો કરોડ ઉપરાંતની જનતા માટે બંધારણના વર્ગો ફરજીયાત કરવા જેવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે! અભણ અજ્ઞાનતાને લીધે કાયદો તોડે તો સમજી શકાય પણ ડીગ્રીઓ અને અનુભવ ધરાવતા મહાશયો પણ કાયદાની ઐસી કી તૈસી કરતા અચકાતા નથી. આ દેશ પાસે અક્ષરદેહ રૂપે ચાણક્યનીતિ, વિદુરનીતિ અને નીતિશતકમ્ હાજર છે. ન્યાયતંત્ર દેશનો શ્વાસોચ્છવાસ છે. વકિલ તેનો આત્મા છે. પ્રજા તેનું શરીર છે. દેશના રક્ષણ અને સુરક્ષા બાબતે આપણે હજી ઘણું કામ કરવાનું બાકી છે. બેફામ જીવન રીતિઓ વ્યક્તિને બહેકાવી અને છટાવી મૂકી છે. એક વિદ્વાન વ્યક્તિએ સરસ વાત કરી કે આજે **'self unconsciousness'** ની સ્થિતિમાં જીવતા લોકોની સંખ્યા ખૂબ વધતી ચાલી છે.

૨૬ જાન્યુઆરી એટલે પ્રજાસત્તાક દિન, દેશના ઈતિહાસનો સોનેરી દિવસ. ભારત ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદ થયો, પણ તેનું પોતાનું કાયમી બંધારણ નહોતું. એના બદલે સુધારેલા વસાહતી કાયદા, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫નો અમલ થતો. એ વખતે દેશનાં ગવર્નર જનરલના પદ પર લોર્ડ માઉન્ટબેટન કારોબાર સંભાળતા હતા. ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ કાયમી બંધારણની રચના માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વ હેઠળ એક સમિતિ રચાઈ. આ સમિતિએ બંધારણનું માળખું તૈયાર કર્યુ અને ૪ નવેમ્બર, ૧૯૪૭ના રોજ બંધારણ સભા સમક્ષ રજુ કરવામાં આવ્યું. બંધારણનો સ્વીકાર કરતાં પહેલાં બંધારણ સભાનું ૧૬૬ દિવસનું જાહેર સત્ર મળ્યું. આ સત્ર ૨ વર્ષ, ૧૧ માસ અને ૧૭ દિવસ ચાલ્યું.

કેટલાંય સુધારા અને વિચારવિમર્શ પછી ૩૮૯ સભ્યની આ બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦નાં રોજ આ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજીમાં હસ્તલિખિત બે નકલો પર હસ્તાક્ષર કર્યા. બે દિવસ પછી ભારતનું બંધારણ દેશ માટે કાયદાનું સ્વરૂપ પામ્યું. આમ, ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં મૂકાયું અને દેશ ખરા અર્થમાં સ્વતંત્ર બન્યો.

આ દિવસે ભારતનું બંધારણ અમલમાં મૂકાયું અને દેશમાં સર્વસત્તા પ્રજાસત્તાકની સ્થાપના થઈ. આપણો દેશ એક સમૃદ્ધ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને પ્રજાસત્તાક છે. ભારતમાં સંસદીય પ્રકારની લોકશાહી છે. બંધારણ ઘડવાનું કાર્ય બંધારણ સભાએ કર્યું હતું. બંધારણ ઘડવાનો સૌપ્રથમ વિચાર એમ. એન. રોયને આવ્યો હતો. બંધારણ સભાની સૌ પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી હતી. તેમાં ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન ડૉ. ભીમરાવ આંબેડકર અને પ્રમુખ ડૉ. રાજેન્દ્રર પ્રસાદ હતા.

બંધારણ સભાની રચના કેબિનેટ મિશન પ્લાન ૧૯૪૬ હેઠળ થઈ હતી. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ ઘડવાનું કાર્ય પૂરું થયું હતું. એ વખતે બંધારણ સભાના કુલ સભ્યો ૩૮૯ હતા. ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર કનૈયાલાલ માણેકલાલ મુનશી, ડી. પી. ખેતાન, એન.ગોપાલાસ્વામી, અલાદી કૃષ્ણાસ્વામી અય્યર, સૈયદ મોહંમદ સદાઉલ્લા અને એન. માધવરાવ સભ્યો હતા. બંધારણ પૂરું કરતા ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૭ દિવસ લાગ્યા હતા. ભારતના બંધારણમાં ૧૨ પરિશિષ્ટો, ૪૧૦ કલમો છે. બંધારણનું આમુખ પંડિત જવાહરલાલ નેહરુએ તૈયાર કર્યુ છે. જોકે આમુખનો વિચાર યુ. એસ.ના બંધારણમાંથી લેવાયો છે.

બંધારણ ઘડવાનો ખર્ચ ૬.૨૪ કરોડ થયો હતો. ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦માં રચાયેલું ભારતના બંધારણનું મૂળ પુસ્તક અંગ્રેજીમાં લખાયું. જોકે, બંધારણમાં ઉલ્લેખ કરવામાં આવેલા કાયદા અને મૂળભૂત હકો વિશે સામાન્ય માણસ પણ સરળ ભાષામાં સમજી શકે એ માટે સરળ ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ કરવામાં આવ્યો. આપણું બંધારણ વિશ્વનું સૌથી લાંબામાં લાંબુ લેખિત અને પરિવર્તનશીલ છે. અને તે ભારતને સંપૂર્ણ પ્રભુત્વ સમૃદ્ધ, સાર્વભૌમ પ્રજાસત્તાક જાહેર કરે છે. આ બંધારણ સમવાય છે, છતાં એકતંત્રી છે. ભારતને બિનસાંપ્રદાયિક અને સાર્વભૌમ રાજય તરીકે પ્રસ્થાપિત કરે છે. પુખ્ત મતાધિકારને સ્વીકારેલો છે. સ્વતંત્ર ન્યાયપાલિકાની વ્યવસ્થા છે. લઘુમતી કોમના હિતોની રક્ષાની વ્યવસ્થા છે.સંઘાત્મક શાસનપ્રણાલી છે. બંધારણે સંસદીય અને પ્રમુખગત એમ બંને પદ્ધતિનો સ્વીકાર કરેલો છે. મૂળભુત અધિકારો અને મૂળભુત ફરજો દર્શાવેલી છે. એક જ નાગરિકતા દર્શાવેલી છે. બંધારણમાં સંશોધન માટેની વિધિ તથા દેશની કટોકટીની સ્થિતિની વ્યવસ્થા દર્શાવેલી છે.

એક ભારત એ પણ હતું જયારે રાજાઓ ન્યાય તોળતા અને પ્રજાને રાજાઓ પર વિશ્વાસ હતો. રાજા પ્રજાના ભલા માટે વેશ પલટો કરીને પણ અન્યાય ન થઈ જાય તેની ચકાસણી કરતા. ચાણક્યએ ઘણા ન્યાય વિષયક સૂત્રો આપ્યા છે. જેમ કે, જેવો ડર તમારી પાસે આવે કે તરત તેના પર હુમલો કરી તેનો નાશ કરી નાખો. મનુષ્યો કર્મોથી મહાન બને છે, જન્મથી નહિ. મૂર્ખ વ્યક્તિ માટે પુસ્તકો એટલાજ ઉપયોગી છે જેટલો એક અરીસો કોઈ અંધ વ્યક્તિને. સાપ ઝેરી ના હોય તો પણ તેણે ઝેરી હોવાનો ઢોંગ કરવો જોઈએ. વ્યક્તિએ અતિ પ્રામાણિક ના બનવું જોઈએ, સીધા વૃક્ષો જ પહેલા કપાય છે. અતિ પ્રમાણિક વ્યક્તિ જ પહેલા પહેલા ફસાય છે. દરેક મિત્રતા પાછળ કોઈક ને કોઈક સ્વાર્થ છુપાયેલો હોય છે. સ્વાર્થ વિના મિત્રતા શક્ય જ નથી, આ એક કડવી વાસ્તવિકતા છે. મોટામાં મોટો ગુરુ મંત્ર છે :

કોઈ સાથે તમારું રહસ્ય ન વહેચો. એ તમારો વિનાશ નોતરી શકે છે. તમે કોઈ પણ કાર્યની શરૂઆત કરતા પહેલા પોતાની જાતને ત્રણ પ્રશ્નો પૂછો : હું આ શા માટે કરવા જઈ રહ્યો છું? આનું પરિણામ શું આવશે? શું હું સફળ થઈ શકીશ? જયારે તમે આ પ્રૌનો ડાણ પૂર્વક વિચાર કરો અને તેના સંતોષકારક ઉતર મેળવી શકો પછીજ એ કાર્યની શરૂઆત કરો. એક સ્ત્રીનું યૌવન અને તેનું સ્વરૂપ એ આ જગતની મોટામાં મોટી તાકાત છે. ફૂલોની સુગંધ ફક્ત પવનની દિશામાં જ ફેલાય છે, પણ એક સારા માણસની સારપ બધી દિશામાં ફેલાય છે. તમે કોઈ કાર્યની શરૂઆત કરો, તે પછી નિષ્ફળતાનો વિચાર કરીને ડર્યા ના કરો અને તે કાર્યને અધૂરું ન મુકો. જે લોકો ખંતથી અને નિષ્ઠાથી કાર્ય કરે છે તે જ સુખી હોય છે. ભગવાન મૂર્તિઓમાં નથી. તમારી લાગણીઓ ઈશ્વરનું જ સ્વરૂપ છે. આત્મા મંદિર સમાન છે. તમારાથી ઉપર કે નીચેના પરિસ્થિતિવાળા સાથે મિત્રતા કરશો નહિ. આવી મિત્રતા ક્યારેય સુખી કરતી નથી. પહેલા પાંચ વર્ષ તમારા બાળકને ખુબ પ્રેમ આપો, પછીના પાંચ વર્ષ તેમને થોડી સખ્તાઈથી વર્તો, તેઓ સોળ વર્ષના થાય તે પછી તેમના મિત્ર બની જાવ. તમારા મોટા થયેલા સંતાન તમારા શ્રેષ્ઠ મિત્ર બની શકે છે. શિક્ષણ એ સાચો મિત્ર છે. એક શિક્ષિત વ્યક્તિ બધેથી માન મેળવે છે. શિક્ષણનો સુંદરતા અને યૌવન બંને પર વિજય થાય છે.